વાપી, વાંસદા અને સાપુતારામાં આગ

વાપી

વાંસદા



સાપુતારા

સાપુતારા, વાંસદા : ગિરિમથક સાપુતારાનાં સનરાઇઝ પોઇન્ટ આસપાસના ડુંગર વિસ્તારમાં કોઈ બેદરકાર પ્રવાસીએ સિગારેટ કે અન્ય જ્વલનશીલ વસ્તુ ફેંકતા આગ ફાટી નીકળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અહી આગ લાગતા જ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા ઊડતા જોવા મળ્યા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતા જ દક્ષિણ વન વિભાગનાં શામગહાન રેંજનાં આર.એફ.ઓ મંજુલાબેન ઠાકરેની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લેવા કામગીરી હાથ ધરી છે. ઉપરાંત વાંસદા તાલુકાના ભીનાર ગામે આવેલા જાનકી વનમાં ભીષણ આગ ફાટી નીકળતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો હતો. મળતી માહિતી મુજબ જાનકી વનના પાછળનો ભાગ જે ઔષધીય વનસ્પતિવાળો વિસ્તાર હોય જ્યાં અચાનક આગ લાગી જવા પામી હતી, ત્યારબાદ આગ વધુ વિકરાળ બનતા ઔષધીય વનસ્પતિવાળો વિસ્તાર બળીને ખાક થઈ જવા પામ્યો હતો.

વાપીમાં આંબેડકરની રેલી સમયે કાર સળગી ઉઠી

રેલીમાં ભાગ લેનારાઓએ ફાયર એક્સ્ટિંગ્યુસર અને બ્રિજના પીલર માટે ખોદાયેલા ખાડામાં ભરાયેલા પાણીનો ઉપયોગ કર્યો

વાપી ચાર રસ્તા પર કારની ટક્કરે વૃદ્ધ ઈજાગ્રસ્ત

વાપી ચાર રસ્તા પર રેલી દરમિયાન વાહનમાં આગનો બનાવ બન્યો હતો. આગ પર ફાયર વિભાગની ટીમે કાબુ મેળવી લીધો હતો. જે બાદ વાહનોની અવરજવર ચાલી રહી હતી ત્યારે કોઈક ફોર વ્હીલર કારની ટક્કર વૃદ્ધને લાગી હતી. અકસ્માતમાં વૃદ્ધ ઈજાગ્રસ્ત બન્યો હતો અને તેને ખાનગી વાહનમાં હોસ્પિટલ સારવાર માટે ખસેડ્યો હતો.

વાપી : ડો.ભીમરાવ આંબેડકરની રેલી સાંજના સમયે વાપી સર્કિટ હાઉસ ચાર રસ્તા પર ચુસ્ત પોલીસબંદોબસ્ત સાથે આવી પહોંચી હતી. ડીજેના તાલે નીકળેલી રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયેલા હતાં. રેલી મોટી હતી અને થોડે આગળ નીકળી ગઈ હતી જ્યારે રેલીની પાછળ ચાલી રહેલી કારના બોનેટમાં ધૂમાડો નીકળ્યો હતો અને આગ લાગતા કારચાલક નીચે ઉતરી ગયો હતો અને લોકોએ આગ ઓલાવવા માટે પ્રયત્ન કરતા જોવા મળ્યા હતાં. આગની જાણ રેલીમાં જોડાયેલાઓને થતાં અડધે નીકળેલા પૈકી કેટલાક લોકોએ દોડી આવ્યા હતાં. પહેલા તો ફાયર એક્સ્ટિંગ્યુસરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તો બીજી તરફ કેટલાક રેલીમાં જોડાનારાઓએ બ્રિજના પીલ્લર માટે ખોદાયેલા ખાડામાં ભરાયેલા પાણીનો ઉપયોગ કર્યો હતો. જો કે, આગ કાબુમાં ન આવતા વિકરાળ બની હતી અને કાર ભડભડ સળગી ઉઠી હતી. જ્યારે રેલીમાં જોડાયેલી પોલીસે સુરક્ષાને ધ્યાને રાખી એકઠા થયેલાઓને દૂર કર્યા હતાં.

આગની જાણ ફાયર વિભાગને થતાં વાપી નોટીફાઇડ અને વાપી મહાનગરપાલિકાની ફાયર ફાઇટરોની ટીમે પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આગ લાગતા થોડા સમય માટે રસ્તા બંધ રાખ્યા હતાં. આગમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી.

વાપીમાં યુવકનું કારમાં અપહરણ કરી મેદાનમાં ઢોર માર માર્યો

બચાવવા આવેલા મિત્ર પર પણ હુમલો, ચાર શખ્સો સામે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ

વાપી : વાપીના ડુંગરામાં જૂની અદાવતમાં યુવકને કારમાં બેસાડી મેદાનમાં લઈ જઈ ચાર ઈસમોએ મેથીપાક ચખાડ્યો હતો. આ હુમલામાં વચ્ચે પડેલા અન્ય એક મિત્રને પણ ઈજાઓ પહોંચી છે.

ડુંગરા સ્થિત ડ્રીમ સીટી બિલ્ડિંગમાં રહેતા ૨૧ વર્ષીય ઈરશાદ અહમદ ખાન ગત તા. ૨૨-૦૪-૨૬ના રોજ રાત્રે તેના મિત્ર સાહિલ સાથે સોસાયટીના કંપાઉન્ડમાં ઉભો હતો. આ દરમિયાન તેનો મિત્ર જેદ આલમ ખાન કાર લઈને ત્યાં આવ્યો હતો અને સિગારેટ સળગાવવા માટે માચીસ માંગી હતી. માચીસ ન હોવાનું જણાવતા, જેદે ઈરશાદને થોડીવાર ફરીને આવીએ તેમ કહી વિશ્વાસમાં લઈ કારમાં બેસાડ્યો હતો.

કારમાં અગાઉથી જ બિલાલ તનવીર અંસારી, અબ્દુલ્લા અબુબકર અને આતીફ સેહનવાઝ બેઠેલા હતા. આરોપીઓ ઈરશાદને હરિયા પાર્ક ખાડી નજીક એકાંત મેદાનમાં લઈ ગયા હતા. ત્યાં આતીફે "મારી જૂની મિત્રને તારા ભાઈનો નંબર કેમ આપ્યો?" તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ ચારેય શખ્સોએ ભેગા મળી ઈરશાદને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. જ્યારે ઈરશાદે મદદ માટે તેના મિત્ર સાહિલને ફોન કરીને બોલાવ્યો, ત્યારે ઉશ્કેરાયેલા હુમલાખોરોએ સાહિલ પર પણ હુમલો કર્યો હતો. આ અંગે ઈરશાદ ખાને (૧) આતીફ સેહનવાઝ ખાન, (૨) બિલાલ તનવીર અંસારી, (૩) અબ્દુલ્લા અબુબકર અને (૪) જેદ આલમ ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડાંગ જિલ્લા સાઈબર ફ્રોડનો આરોપી રાજસ્થાનથી ઝડપાયો

સાપુતારા પોલીસ મથકે નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી

સાપુતારાઃ ડાંગ જિલ્લા પોલીસને સાયબર ગુનાખોરી ડામવામાં મહત્વપૂર્ણ સફળતા મળી છે. સાપુતારા પોલીસ મથકે નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીને પોલીસે છેક રાજસ્થાનથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ સાયબર પોલીસ મથકના પી.આઈ. એચ.બી. પટેલની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું હતું. ટેક્નિકલ એનાલિસિસ અને માનવ સૂત્રો દ્વારા મળેલી માહિતીના આધારે આરોપીનું લોકેશન રાજસ્થાનમાં હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તાત્કાલિક ટીમ રવાના કરી તીર્થરાજ શંભુદયાલ મીના (રહે. સવાઈ માધોપુર, રાજસ્થાન) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS-2023) ની કલમ ૩૧૮(૪) તથા આઈટી એક્ટની કલમ ૬૬(C) અને ૬૬(D) મુજબ ગુનો નોંધાયો છે. હાલ પોલીસ આરોપીની સઘન પૂછપરછ કરી રહી છે, જેમાં અન્ય સાથીદારોના નામ ખુલવાની પણ શક્યતા છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં ફાયર ડે ઉજવણી, ફાયર વાહનો સાથે રેલી

વાપી : 14 એપ્રિલ 1944ના રોજ મુંબઈના બંદરગાહમાં એસ.એસ.ફોર્ટ સ્ટાઈકીન નામના બ્રિટિશ માલવાહક જહાજમાં વિસ્ફોટકો અને યુદ્ધ ઉપકરણ ભરેલા હતું. આ જહાજમાં અકસ્માતે આગ લાગી હતી. આગ ઓલાવવાની કામગીરી દરમિયાન મુંબઈ ફાયર બ્રિગેડના 66 અગ્નિશમન કર્મીઓ આગની ચપેટમાં આવી ગયા હતા અને શહીદ થયા હતાં. સમગ્ર ભારતમાં દર વર્ષે 14 એપ્રિલના દિવસે ફાયર વિભાગ દ્વારા અગ્નિશમન સેવા દિવસની ઉજવણી કરી શહીદ થયેલા ફાયર વિભાગના જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે વાપી જીઆઈડીસી નોટિફાઈડ સ્ટાફ દ્વારા વાપી વિસ્તારમાં ફાયર વાહનો સાથે જવાનોએ રેલી કાઢી હતી. આજના દિને શહીદોને યાદ કરી બે મિનિટનું મૌન પાળ્યું હતું. જ્યારે વાપી મહાનગરપાલિકા દ્વારા પણ ફાયરગાડીઓ રેલી સ્વરૂપે વાપીથી દાભેલ ચેકપોસ્ટ સુધી નીકળી હતી અને ફાયર સ્ટેશને પહોંચી હતી અને ફાયર સ્ટાફ દ્વારા શહીદોને યાદ કરી બે મિનિટનું મૌન પાળ્યું હતું.

બીલીમોરા માંડલિયા હોસ્પિટલમાં ચાર દિવસીય દંત શિબિર



બારીયા

બીલીમોરા : બીલીમોરાની માંડલિયા હોસ્પિટલ દ્વારા ચાર દિવસીય દંત આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર અંતર્ગત માંડલિયા ડેન્ટલ કેર વિભાગનો શુભારંભ પણ કરવામાં આવ્યો હતો. આ દંત શિબિરમાં ડો. ખુશી માંડલિયા અને ડો. જય શાંડિલ્ય દ્વારા દર્દીઓને વિનામૂલ્યે દંત તપાસ, દાંતના એક્સ-રે, તેમજ સ્કેલિંગ અને પોલિશિંગ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. સાથે જ દવાઓ મફતમાં આપવામાં આવી હતી. ઉપરાંત અન્ય દંત સારવાર માટે દર્દીઓને ૫૦ ટકા સુધીની રાહત આપવામાં આવી હતી, શિબિર દરમિયાન વાંકાચુકા દાંતની સારવાર, દાંતમાં સડો, રૂટ કેનલ સારવાર, ડેન્ટલ ઇમ્પ્લાન્ટ અને ટૂથ વ્હાઇટનિંગ જેવી આધુનિક સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ખાસ કરીને રૂટ કેનલ સારવારમાં ૫૦ ટકા સુધીની રાહત આપવામાં આવતા દર્દીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. ઉપરાંત ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને થાયરોઈડ જેવા રોગોના નિદાન અને મેનેજમેન્ટ માટે ડો. કેતન માંડલિયા દ્વારા માર્ગદર્શન અને સારવાર આપવામાં આવી હતી. આ ચાર દિવસીય શિબિરમાં કુલ ૪૪૪ દર્દીઓએ ભાગ લીધો હતો. દરેક નોંધાયેલા દર્દીઓને ડેન્ટલ કેર કીટ મફતમાં આપવામાં આવી હતી. માંડલિયા હોસ્પિટલ દ્વારા આયોજિત આ શિબિર આરોગ્ય સેવા ક્ષેત્રે એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડે છે.

વાસંદાના દંડકવન આશ્રમમાં ૧૧૦૦ વિશ્વ શાંતિ વૈદિક મહાયજ્ઞનું આયોજન



નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદાના મહર્ષિ સદાફલદેવ દંડકવન આશ્રમના અગિયારમાં વાર્ષિક મહોત્સવ પ્રસંગે શુક્રવારથી બે દિવસ વિહંગમ યોગ સત્સંગ સમારંભ તથા ૧૧૦૦ કુંડીય વિશ્વ શાંતિ વૈદિક મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગુરુવારે સાંજે ૫-૦૦ વાગ્યે ભવ્ય શોભાયાત્રા તથા પૂ.સંત પ્રવર વિજ્ઞાન દેવજી મહારાજ દ્વારા સ્વર્વેદ કથામૃત દિવ્ય વાણી કાર્યક્રમ બાદ બીજા દિવસે શુક્રવારે સવારે ૧૦-૧૫ કલાકે ૧૧૦૦ કુંડીય વિશ્વ શાંતિ મહાયજ્ઞ યોજાશે, ત્યારબાદ સાંજથી મોડી રાત સુધી સંત પ્રવર વિજ્ઞાન દેવજી મહારાજની સંગીતમય સ્વર્વેદ કથા બાદ આદિત્ય વિહંગમ યોગી અનંત સદ્ગુરૂ આચાર્ય સ્વતંત્ર દેવજીમહારાજની અમૃતવાણીનો લાભ શ્રદ્ધાળુઓને મળશે. આ મહોત્સવમાં ભક્તો માટે ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી છે.

છીરીમાં યુવકનું માથામાં પથ્થર મારી માથું ફોડ્યું

વાપી : વાપી નજીકના છીરી જલારામનગરમાં આવેલા ચાલીમાં રાજુ ભરત કાંતિ (ઉં.30) રહે છે. ગત તા.12-4-26 ના રોજ રાત્રીના આશરે સાડા દશેક વાગ્યાની આસપાસ તેઓ દુકાને ઠંડુ પીણું પીતો હતો તે સમયે છીરી જલારામનગરમાં રહેતો આસુતોષ રામપ્રવેશ ચૌધરી બાઈક લઈને આવ્યો હતો અને રાજુના પગ ઉપર બાઈક ચડાવવાની કોશિષ કરી હતી. જે બાદ ઝઘડો કરી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો અને પથ્થરથી માથું ફોડી નાંખ્યું હતું. ત્યારબાદ ઈજાગ્રસ્ત રાજુને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં.

ચણોદ દમણગંગા નદીમાં ન્હાવા ગયેલો ઈસમ ડૂબી ગયો

વાપી : વાપી નજીકના ચણોદ ગામમાંથી પસાર થયેલી દમણગંગા નદીમાં ગઈકાલે એક ઈસમ ન્હાવા ગયો હતો અને તે ડૂબી ગયો હતો.

આ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. વાપી નોટિફાઈડ ફાયર ટીમ બનાવ સ્થળે પહોંચી હતી અને ડૂબી ગયેલ ઈસમને પાણીમાંથી બહાર કાઢ્યો હતો અને તે મૃત અવસ્થામાં હતો. બનાવની જાણ પોલીસને કરતા ટીમ આવી હતી. આ નદીમાં ડૂબી ગયેલ યુવકનું નામ બુદ્ધ રાય હોવાનું અને તે બ્રીજ બનાવવાની ચાલતી કામગીરીમાં મજૂર તરીકે કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

બુલેટ ટ્રેનની લોખંડની પ્લેટોની ચોરીનો ભેદ ઉકેલાયો

ડુંગરી પોલીસે રૂપિયા 74 હજારની લોખંડની પ્લેટ અને મહિન્દ્રા બોલેરો કબજે કરી

વલસાડ : ડુંગરી પોલીસ દ્વારા ચોરીના ગુનામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી ખજુરડી ગામ નજીક બુલેટ ટ્રેનના કામમાંથી ચોરાયેલી લોખંડની પ્લેટો સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

માહિતી મુજબ, ડુંગરી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન ડુંગરી ઓવરબ્રિજ પાસે એક શંકાસ્પદ મહિન્દ્રા બોલેરો કેપર (નંબર RJ-36-GA-8310) રોકી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગાડીમાં ભારે વજનની લોખંડની પ્લેટો મળી આવી હતી.

પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, આ પ્લેટો ખજુરડી ગામે ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટના પિલર નંબર 204 P02 નજીકથી ચોરી કરવામાં આવી હતી. જે અંગે ગુનો દાખલ કરાયો હતો. આ કેસમાં પોલીસે બે આરોપીઓ સુભાષકુમાર શ્રવણકુમાર (ઉં. 25, મૂળ નાગૌર, રાજસ્થાન) અને દેવેન્દ્ર જગદીશ પુરી (ઉં.25, હાલ નવસારી) ને ઝડપી પાડ્યા છે. બંને વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે આરોપીઓ પાસેથી કુલ 21 નાની-મોટી લોખંડની પ્લેટો (વજન અંદાજે 1235 કિલોગ્રામ) કબજે કરી છે, જેની કિંમત રૂપિયા 74,100 જેટલી થાય છે. ઉપરાંત એક મહિન્દ્રા બોલેરો કેપર ગાડી અને બે મોબાઈલ ફોન સહિત કુલ લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ટેન્ડર નોટિસ

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે ઘેજ ખુશાલ ફળિયા તા. ચીખલી જિ. નવસારીની શાળાનો એક ઓરડો તોડીને લઈ જવા સહિતના ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. બંધ કવરમાં રૂા. 2000/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકનો મુ.શિ. ઘેજ ખુશાલ ફળિયા શાળાનો અવશ્ય બિડાણ કરવાનો રહેશે.

(1) ભાવપત્રક લઈ જવાની તારીખ સમાચાર પત્રમાં આપેલ જાહેરાતના દિનથી તા. 20-04-2026 સુધી.
(2) ભાવપત્રક જમા કરવાની અંતિમ તારીખ 21-4-2026ના દિને 12:00 કલાક સુધીનો રહેશે.
(3) ભાવપત્રક ખોલવાની તારીખ 23-04-2026ના રોજ 12:00 કલાકે.
(4) ભાવપત્રક મંજુર/ ના મંજૂર કરવાની સત્તા શાળા SMCની રહેશે કોઈ પણ કારણ બતાવવામાં આવશે નહિ.
(5) હરાજીની શરતો વાંચી સંભળાવવામાં આવશે.
(6) ભાવપત્રક ફી રૂપિયા 500/- રોકડા (નોન રિફંડેબલ)

સ્થળઃ ઘેજ ખુશાલ ફળિયા પ્રા.શાળા તા.ચીખલી જિ. નવસારી

મુખ્ય શિક્ષક, ઘેજ ખુશાલ ફળિયા શાળા — એસ એમ સી અધ્યક્ષ શ્રી, શાળા વ્યવસ્થાપન સમિતિ

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજી. ઓફિસઃ 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057 ફોનઃ 011 49267000, ટોલ ફ્રી નંબરઃ 1800 212 8800, ઇમેઇલઃ customer.care@herohfl.com વેબસાઇટઃ www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148 સંપર્ક સરનામુંઃ શોપ નંબર 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નંબર 115/1, પૈકી પ્લોટ નંબર - 1, નવસારી, ગુજરાત. પિન - 396445.

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, અધોહસ્તાક્ષરકર્તા હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાને નાતે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ લોનધારકોને ઉક્ત નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમની ચુકવણી કરવા માટે જણાવતી માંગણી નોટિસ જારી કરી હતી.
લોનધારક રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લોનધારકને ખાસ કરીને અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત એક્ટની કલમ 13(4) સાથે વંચાતા ઉક્ત નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધો છે.
લોનધારકને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરવા સાવચેત કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ તારીખથી તેના પરના વ્યાજ અને દંડકીય વ્યાજ, ચાર્જિસ, ખર્ચ વગેરે સાથેની નીચે ઉલ્લેખિત રકમ માટે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના બોજાને આધીન રહેશે.
લોનધારકનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નંબર	ઓબ્લીગર(સ)/ કાયદેસરના વારસદારો/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ના નામ	માંગણી નોટિસની તારીખ/ માંગણી નોટિસ મુજબની રકમ	કબજાની તારીખ (કન્સ્ટ્રક્ટિવ/ ફિઝિકલ)
HHFNVSHOU23000037251, HHFNVSIPL23000037252	સંજય શ્રીરામ સોનવણે, કવિતા સંજય સોનવણે	16-જાન્યુઆરી-2026 રૂ. 11,28,670/- 13-જાન્યુ.-2026ના રોજ બાકી દેવું	09.04.2026 (સાંકેતિક)

સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતોનું વર્ણનઃ સ્થાવર મિલકતનો એ તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નંબર C/303 મ્યુનિ. હાઉસ નંબર 1217/70 (નવો 5740/0) વોર્ડ નંબર 5 (નવો 10)ના આશરે 653.00 ચોરસ ફૂટ એટલે કે 60.68 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા ત્રીજા માળે, તેની સાથે વિંગ નંબર Cમાં આશરે 16.23 ચોરસ મીટરના અવિભાજિત હિસ્સા સાથે, જે "શિવાલય કોમ્પ્લેક્સ" તરીકે ઓળખાતી સ્કીમમાં, વિજલપોર રેલવે ક્રોસિંગની સામે, વિજલપોર રોડ, સન સિટી એપાર્ટમેન્ટની પાછળ, જે મોજે વિજલપોર, તાલુકા વિજલપોર, જિલ્લો નવસારીના મહેસૂલી સર્વે નંબર 257/3-A/1-A/પૈકી 1, નવા બ્લોક નંબર 11188 વાળી જમીનનો ભાગ છે, જે નવસારીના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ રજીસ્ટ્રેશનમાં આવેલ છે, ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓઃ ઉત્તરઃ અડીને આવેલ માર્જિન ખુલ્લી જમીન, દક્ષિણઃ અડીને આવેલ ફ્લેટ નંબર C/304, પૂર્વઃ અડીને આવેલ માર્જિન ખુલ્લી જમીન, પશ્ચિમઃ અડીને આવેલ ફ્લેટ નંબર C/302.

તારીખઃ 15.04.2026
સ્થળઃ નવસારી
સહી/- અધિકૃત અધિકારી
હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી

HDFC BANK

We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને

જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના

એચડીએફસી બેંક લિમિટેડ (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિક્યોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસનો** સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિક્યોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૨૨ મી એપ્રીલ ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસુલાત માટે સિક્યોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિક્યોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિક્યોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લોનાર જવાબદાર રહેશે.

અ. નં.	લોન ખાતા નંબર	દેવાદારો ના નામ	૧૨ મી એપ્રીલ ૨૦૨૬ ના રોજની બાકી રકમ	વેચાણ નોટીસની તારીખ
૧	XXXXXXXXXX8580	શૈલાબેન કાંતીલાલ દમણીયા	૪૯,૪૮,૧૫૪.૮૪	૧૩-૦૪-૨૦૨૬
૨	XXXXXXXXXX3992	અલ્કેશ જમનાદાસ પટેલ	૯,૦૩,૧૮૨.૭૭	૧૩-૦૪-૨૦૨૬

તા. : ૧૫.૦૪.૨૦૨૬
સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
સહી/- એચડીએફસી બેંક લિ.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૦૮.૦૮.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. ઉમર અનસારી ૨.નરગીસ જહા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૧૫,૩૯,૭૯૫.૦૨/- (અંકે રૂપિયા પંદર લાખ ઓગણચાલીસ હજાર સાત સો પંચાણુ અને બે પૈસા પુરા) તા.૦૭.૦૮.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૧ મી એપ્રીલ ૨૦૨૬** ના રોજ આ નો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૧૫,૩૯,૭૯૫.૦૨/- (અંકે રૂપિયા પંદર લાખ ઓગણચાલીસ હજાર સાત સો પંચાણુ અને બે પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સનરાઈઝ એવન્યુ-૨' નામે જાણીતી બિલ્ડીંગ નો પહેલો માળ નો ફ્લેટ નં. ૧૦૩, માપ આશરે ૩૫.૦૫ ચો.મી કારપેટ એરીયા અને બાલ્કની એરીયા માપ આશરે ૩.૦૨ ચો.મી સાથે કુલ માપ આશરે ૩૮.૦૭ ચો.મી જેનું બાંધકામ બિનખેતી જમીન પ્લોટ નં. ૩ માપ આશરે ૭૨૨.૧૫ ચો.ફુટ જેનો નવો સર્વે નં. ૨૬૪૩ (જુનો સર્વે નં. ૩૧૮/પૈકી-૧) પ્લોટ નં. ૪ માપ આશરે ૪૨૨.૭૨ ચો.મી જેનો નવો સર્વે ન. ૨૬૪૩ (જુનો સર્વે નં. ૩૧૮/પૈકી -૧) પ્લોટ નં. ૧૧ માપ આશરે ૧૫૩.૧૮ ચો.મી નવો સર્વે નં. ૨૬૪૩(જુનો સર્વે નં. ૩૧૮/પૈકી-૧) અને પ્લોટ નં. ૧૨ માપ આશરે ૧૪૯.૭૪ ચો.મી જેનો નવો સર્વે નં. ૨૬૪૩ (જુનો સર્વે નં. ૩૧૮/પૈકી -૧) કુલ માપ આશરે ૧૪૪૭,૭૯ ચો.મી મોજે ગામ ડુંગરા, તાલુકા વાપી જી.વલસાડ ગુજરાત રાજય માં આવેલ છે. જેની ચતુર્થદિશા **પુર્વે** : ઓટીએસ અને પેસેજ , **પશ્ચિમે** : ખુલ્લી જગ્યા, **ઉત્તરે** : ફ્લેટ નં.૧૦૪ **દક્ષિણે** : ફ્લેટ નં.૧૦૨ આવેલ છે.

તારીખ : ૧૧-૦૪-૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૧૧૯૭૦૧૭૪૩

સહિ/- અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)